તા. ૨૫/૫/૨૦૧૯ / શનિવાર / નોબત

(39)

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી. દ્વારા યોજાયો

# જીએસટી રીટર્ન, ઓડીટ તથા અનરેગ્યુલેટેડ ડિપોઝીટ ઓર્ડીનન્સ અંગે માર્ગદર્શક સેમિનાર




જામનગર તા. ૨૫: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈસીઆરસી ઓફ આઈસીએઆઈ, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટ-અમદાવાદ, ઈન્કમ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન તથા ધી કોમર્શીયલ ટેક્ષ પ્રેક્ટીશનર્સ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવ્યો હતો.

તાજેતરમાં યોજાયેલા આ સેમિનારમાં સર્વપ્રથમ સંસ્થાના પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાએ સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા વ્યાપાર-ઉદ્યોગને માર્ગદર્શન મળી રહે તે માટે આવા માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવે છે. તેમાં તમામ સંસ્થાઓનો ખૂબ જ સાથ સહકાર મળી રહ્યો છે, જે બદલ તેઓએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલન્ટ, અમદાવાદના ઉપસ્થિત પ્રમુખ આશુતોષ નાણાવટીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં એજીએફટીસી વિશે માહિતી આપી હતી તેમજ તેઓની સંસ્થા દ્વારા આવા માર્ગદર્શન સેમિનારનું સૌરાષ્ટ્ર-કચ્છમાં આયોજન કરી સાથ સહકાર આપવા માટે હરહંમેશ તૈયાર હોય છે તેમજ જામનગરમાં વધુને વધુ આવા માર્ગદર્શક સેમિનાર યોજવા તૈયારી બતાવી હતી અને તમામ પ્રકારનો સાથ સહકાર આપવા ખાત્રી આપી હતી. ચેમ્બર પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાએ શ્રી આશુતોષ નાણાવટી, પ્રમુખ, એજીએફટીસીને પુષ્પગુચ્છ આપી મોમેન્ટો અર્પણ કર્યો હતો તેમજ જામનગર ચેમ્બરના હોદ્દેદારો, ઉપસ્થિત અન્ય સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓએ ઉપસ્થિત મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા.

આ સેમિનારમાં જાણીતા એડવોકેટ શ્રી સમીર સિધ્ધપુરીયા, જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પ્રિયમ શાહ તથા જાણીતા સી.એ. શ્રી સત્પાલ સાધવાણી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં દ્વિતીય ટેકનિકલ સેશનમાં સર્વપ્રથમ નિષ્ણાત એડવોકેટ વકતા શ્રી સમીરભાઈ સિધ્ધપુરીયાએ જીએસટીના વાર્ષિક રિટર્ન ભરવા બાબદ વિસ્તુત રીતે સમજણ વિઝયુઅલ દ્રશ્ય-શ્રાવ્યના માધ્યમથી માર્ગદર્શન ત્યારપછી જાણીતા નિષ્ણાત સી.એ. શ્રી સત્યપાલ સાધવાણીએ અનરેગ્યુલેટેડ ડિપોઝિટ યોજના ઓર્ડીનન્સ-૨૦૧૯ બાબત માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારનું સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ કર્યું હતું. સેમિનારના અંતે આભાર દર્શન જામનગરના બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈના ચેરમેન શ્રી સંજીવભાઈ બુધ્ધ દ્વારા કરવામાં આવ્યું હતું.